## સંક્ષિપ્ત સમાચાર

### વાંકલની સરકારી કોલેજમાં ‘સાડી ડે’ની ઉજવણી કરવામાં આવી



વિનોદ મૈસુરીયા

વાંકલ: માંગરોળ તાલુકાની શ્રી અટલબિહારી વાજપેયી ગવર્મેન્ટ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં વિવિધ દિવસોની ઉજવણીના ભાગરૂપે ‘સાડી ડે’ મનાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે કોલેજની વિદ્યાર્થિનીઓ ભારતીય સંસ્કૃતિના પ્રતીક સમાન સાડી પરિધાનમાં સજ્જ થઈને આવી હતી. ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની જીનલ ચૌધરીએ આ નિમિત્તે જણાવ્યું હતું કે, વેસ્ટર્ન કલ્ચરના આંધળા અનુકરણને છોડી આપણે આપણી ભવ્ય ભારતીય સંસ્કૃતિને અપનાવવી જોઈએ. સાડી એ માત્ર વસ્ત્ર નથી, પરંતુ ભારતીય નારીની ગરિમા અને પરંપરાનું ગૌરવશાળી પ્રતીક છે.

### પલસાણામાં દારૂબંધીના ગુનામાં વોન્ટેડ બે આરોપી ઝડપાયા

પલસાણા: કડોદરા GIDC પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન હેડ કોન્સ્ટેબલ શૈલેષભાઇ અને કનકસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે, વોન્ટેડ આરોપીઓ ચલથાણ આનંદનગરના નાકે ઊભેલા છે. આ ચોક્કસ બાતમીના આધારે પોલીસે કાર્યવાહી કરીને મુકેશ ઉર્ફે સોનું જનરલ આહિરે અને અનિલ ત્રંબકભાઇ માલીને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓ પૈકી મુકેશ આહિરે (રહે.,જોળવા) અને અનિલ માલી (રહે.,ચલથાણ)ના હોવાનું સામે આવ્યું છે. આરોપીઓનો ગુનાહિત ઇતિહાસ તપાસતા જાણવા મળ્યું હતું કે, મુકેશ ઉર્ફે સોનું સામે અગાઉ પલસાણા, મહુવા અને કડોદરા GIDC પોલીસ મથકે પ્રોહિબિશનના ત્રણ ગુના નોંધાઈ ચૂક્યા છે. જ્યારે આરોપી અનિલ માલી સામે પણ કડોદરા GIDC પોલીસ મથકમાં અગાઉ બે ગુના નોંધાયેલા છે.

### કોસાડી ખાતે જી.એમ.વી. એજ્યુકેશનલ કેમ્પસનો વાર્ષિકોત્સવ યોજાયો

સુરત: માંગરોળના કોસાડી સ્થિત જી.એમ.વી. કેમ્પસમાં ટ્રસ્ટી મૌલાના સાદ જાડાના માર્ગદર્શન હેઠળ મૌલાના હુસૈન અહમદ મદની હાઈસ્કૂલ અને જી.એમ.વાસ્તાનવી ઈંગ્લિશ સ્કૂલનો વાર્ષિકોત્સવ ઉજવાયો હતો. મુખ્ય મહેમાન મામલતદાર ડૉ. હિતેશ ચાવડાએ શિક્ષણ અને શિસ્તનું મહત્ત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે સોયેબ અન્સારી, યાસીન ભીખુ, મુફ્તી ઇમરાન, મૌલાના ઇસ્માઇલ, મૌલાના મુહમ્મદ જાડા સહિત યુસુફભાઈ, મહંમદભાઈ, કાસીમભાઈ (NRI) તેમજ રજ્જાકભાઈ વહોરા, એડ્વોકેટ સોહેલ નૂર, ઇમ્તિયાઝભાઈ, અ. સમદ ગોધી, અનવરભાઈ તારાજ, જિતેશભાઈ, ઇબ્રાહીમ માંજરા અને મોહમ્મદ સુફી ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. તારિક શેખ, તબસ્સુમ કુરેશી અને સરફરાજ અલીએ અહેવાલ વાંચ્યો હતો, જ્યારે સંચાલન મૌલાના અનસ જાડા અને માજેદાબેન શેખે કર્યું હતું.

### ચોર્યાસી ટોલનાકા પાસેથી કારમાંથી દારૂ ઝડપાયો, ચાલક ફરાર



કામરેજ: ચોર્યાસી ટોલનાકા પાસે પેટ્રોલ પંપની સામે રોડ પર વેગનઆર કારમાં વિદેશી હોવાની માહિતી મળતા પોલીસે રેડ કરી હતી, જો કે તે પહેલાં કારમાં સવાર ઈસમ નાસી છૂટ્યો હતો. પોલીસે કાર (નં જીજે 15 સીએલ 7098)માં વચ્ચેની સીટ તેમજ ડીકીમાંથી વિદેશી દારૂની અલગ અલગ 960 બોટલ નંગ કિંમત રૂ.3,12,000 તેમજ વેગનઆર કિંમત રૂ.4 લાખ મળી કુલ્લે રૂ.7,12,000નો મુદામાલ ઝડપી પાડ્યો હતો.

### કીમ રેલવે ઓવરબ્રિજ પાસે અકસ્માત



કિરણ ઢોડિયા

કીમ: કીમ રેલવે ઓવરબ્રિજ પરથી ઊતરતા સમયે ડમ્પર અને ક્રેટા કાર વચ્ચે ટક્કર થતાં વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. સ્ટેટ હાઈવેની બાજુમાં ગટરનું કામ ચાલી રહ્યું હોવાથી હાઈવેનો એક તરફનો માર્ગ બંધ હતો. દરમિયાન કાર ચાલક અને ડમ્પર ચાલક બંને એકસાથે કટ પસાર કરવાનો પ્રયાસ કરતાં વાહનો ભટકાયાં હતાં. અકસ્માત બાદ ડમ્પર ચાલક પોતાનું વાહન ઘટના સ્થળે મૂકી ફરાર થઈ ગયો હતો. જેના કારણે કીમ-ઓલપાડ રોડ પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. જાણ થતાં કીમ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ટ્રાફિક વ્યવસ્થા સંભાળી અને માર્ગ ખુલ્લો કર્યો હતો.

### રાજપીપળામાં HIV પીડિતોને ચીકીનું વિતરણ કરાયું



રાજપીપળા: નર્મદા જિલ્લામાં નબળી આર્થિક સ્થિતિ ધરાવતા HIV પીડિતો પણ ઉત્સાહભેર તહેવારો ઉજવી શકે તે હેતુથી રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આગામી ઉત્તરાયણ પર્વને અનુલક્ષીને સિવિલ હોસ્પિટલના એ.આર.ટી સેન્ટર ખાતે અન્નપૂર્ણા ફાઉન્ડેશનના સંચાલક કલ્પેશભાઈ મહાજન દ્વારા 50 જેટલા પીડિતોને ચીકી અને કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એ.આર.ટી. સેન્ટરના જિગ્નેશભાઈ પરમાર, નીલમબેન વસાવા, ખૂબીબેન દેસાઈ તેમજ વિહાન પ્રોજેક્ટના ગીતાબેન પટેલ અને હેતલબેન ખત્રીએ ઉપસ્થિત રહી પીડિતોને કિટ અર્પણ કરી હતી. આ સહાય મેળવી પીડિત પરિવારોએ ખુશી વ્યક્ત કરી હતી.

# પાલોદની રોયલ રેસિડેન્સીમાં ચોરોનો આતંક: 6.10 લાખની ચોરી

**દુબઈ** રહેતા પુત્રને મળવા ગયેલા દંપતીના ઘરનાં તાળાં તૂટ્યાં

**સોનાના** દાગીના અને લેપટોપની ચોરી થતાં રહીશોમાં ફફડાટ



ઈબ્રાહીમ કાનુ

હથોડા: પાલોદની રોયલ રેસિડેન્સીમાં તસ્કરોએ ફરી એકવાર બંધ મકાનને નિશાન બનાવતા ચકચાર મચી ગઈ છે. અગાઉ થયેલી લાખોની ચોરીના ભેદ હજુ ઉકેલાયા નથી, ત્યાં જ વધુ એક મકાનમાં ચોરીની ઘટના બનતાં સ્થાનિકોમાં ભયનો માહોલ છવાયો છે.

પાલોદની રોયલ રેસિડેન્સીના મકાન નં.103માં રહેતા કાઝી મસીહુદ્દીન ગ્યાસુદ્દીનનાં સંતાનો દુબઈ સ્થિત હોવાથી તેઓ અવારનવાર ત્યાં આવ-જા કરતા હોય છે. ગત તા.10 નવેમ્બર 2025ના રોજ તેઓ મકાન બંધ કરી પત્ની સાથે દુબઈ ગયા હતા. ગઈકાલે તા.6 જાન્યુઆરીએ રાત્રે એક વાગ્યે જ્યારે તેઓ પરત ફર્યા, ત્યારે ઘરનો સામાન વેરવિખેર હતો અને અંદરના દરવાજાના લોક તૂટેલા જણાયા હતા. તપાસ કરતા માલૂમ પડ્યું કે, અજાણ્યા તસ્કરો મકાનના ટેરેસનો દરવાજો તોડી અંદર પ્રવેશ્યા હતા. તસ્કરો તેમની પત્નીના આશરે 4 તોલા સોનાના દાગીના (કિંમત 5,60,000) અને 50,000ની કિંમતનું લેપટોપ મળી કુલ 6,10,000ની મતા ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

આ મામલે ભોગ બનનાર પરિવારે પાલોદ પોલીસ મથકે લેખિત ફરિયાદ નોંધાવી છે. પોલીસે ઘટના સ્થળની મુલાકાત લઈ આસપાસનાં સીસીટીવી ફૂટેજ ચકાસવાની કાર્યવાહી હાથ ધરી છે. રોયલ રેસિડેન્સીમાં અવારનવાર બંધ મકાનોને નિશાન બનાવતી ટોળકી સક્રિય થતાં લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. પોલીસ તંત્ર સત્વરે આ તસ્કરોને ઝબ્બે કરી પ્રજાને ભયમુક્ત કરે તેવી માંગ ઊઠી રહી છે.

# ગોડાદરાના ડબલ મર્ડર કેસનો ફરાર આરોપી પલસાણાથી ઝડપાયો

પલસાણા: સુરત SOGએ સુરત શહેરના ગોડાદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલા ચકચારી ડબલ મર્ડરના ગુનામાં સંડોવાયેલા અને લાંબા સમયથી નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડ્યો હતો.

ગઈકાલે તા.૬/૧/૨૦૨૬ના રોજ SOG શાખાના એ.એસ.આઈ. કિરણસિંહ લક્ષ્મણસિંહ અને પોલીસ કોન્સ્ટેબલ પરશુરામ દિલીપભાઇને ચોક્કસ બાતમી મળી હતી કે ગોડાદરા ડબલ મર્ડરનો આરોપી પલસાણા વિસ્તારમાં છે. આ બાતમીના આધારે પોલીસે પલસાણાના હલધરૂ પાટિયા પાસે આવેલા સિલ્વર પ્લાઝા પાસેથી આરોપી શૈલેષ ઈશ્વરભાઇ રબારી (ઉં.વ.૨૮)ને ઝડપી પાડ્યો હતો. આરોપી મૂળ પાટણના સરસ્વતી તાલુકાના મેલોસણ ગામનો વતની છે અને હાલ ગોડાદરા વિસ્તારમાં રહેતો હતો. ઝડપાયેલા આરોપી શૈલેષ રબારી સામે અગાઉ પણ અનેક ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. તેના ગુનાહિત ઇતિહાસમાં સુરત શહેરના લિંબાયત, ગોડાદરા, ડી.સી.બી. અને પુણા પોલીસ સ્ટેશન સહિત વલસાડના વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન અને હત્યા (કલમ ૩૦૨) જેવા ગંભીર ગુનાઓનો સમાવેશ થાય છે. હાલમાં તેની સામે ગોડાદરા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧) (હત્યા) સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયેલો છે.

# નિઝરમાં આરોગ્ય કર્મચારીના બંધ મકાનમાંથી રૂ.1.94 લાખની ચોરી

**કબાટનો** સામાન વેરવિખેર કરી તસ્કરોનો હાથફેરો



બારડોલી: બારડોલીના નિઝર ગામે દેવ રેસિડેન્સીમાં ભાડેથી રહેતા આરોગ્ય વિભાગના કર્મચારીના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી સોના-ચાંદીનાં ઘરેણાં અને રોકડ સહિત કુલ 1.94 લાખ રૂપિયાની ચોરી કરી જતાં ચકચાર મચી ગઈ હતી. પોલીસે આ અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ તાપી જિલ્લાના ડોલવણના રહેવાસી નીરવભાઈ સુધીરભાઈ ચૌધરી (ઉં.વ.33) બારડોલી તાલુકા આરોગ્ય કચેરી ખાતે વર્ષ-2017થી મેલેરિયા ટેકનિકલ સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. હાલા તેઓ બારડોલીના નિઝર ગામે આવેલ દેવ રેસિડેન્સીમાં તેમની પત્ની સાથે રહે છે. ગત 3 જાન્યુઆરીના રોજ પત્ની ક્રિષ્નાબેનને વડનગર કામ અર્થે જવાનું હોય તેઓ ઘર બંધ કર્યા બાદ તેમને બારડોલી રેલવે સ્ટેશન પર છોડી ત્યાંથી પોતાના વતન ડોલવણ જતાં રહ્યા હતા. દરમિયાન 5મી જાન્યુઆરીના રોજ પાડોશમાં રહેતા રાહુલભાઈ ગણપતસિંહ રાઠોડે નીરવભાઈને ફોન કરી તેમના મકાનમાં ચોરી થઈ હોવાનું જણાવ્યું હતું. આથી રાહુલભાઈ તાત્કાલિક નિઝર પહોંચ્યા હતા અને મકાનમાં જોતાં તમામ સરસામાન વેરવિખેર પડેલો હતો અને કબાટ પણ ખુલ્લો હતો.

કબાટમાં રહેલ પર્સમાં મૂકેલા રોકડા રૂ.4 હજાર, પત્ની ઘરેણાં પૈકી ચાંદીના બે જોડી સાંકળા કિંમત રૂ.7 હજાર, ત્રણ સોનાની વીંટી કિંમત રૂ.70 હજાર, સોનાની કાનની બુટ્ટી ત્રણ જોડી કિં.રૂ.50 હજાર, એક સોનાનું મંગળસૂત્ર કિં.રૂ.63 હજાર મળી કુલ રૂ.1.94 લાખ રૂપિયાની ચોરી થઈ ગઈ હતી. આ અંગે નીરવભાઈએ બારડોલી ગ્રામ્ય પોલીસને જાણ કરતાં પોલીસે સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા અજાણ્યા ચોર ઈસમો સામે ગુનો નોંધી તેમને શોધવા માટેની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# સરભોણમાં અસામાજિક તત્ત્વોના ત્રાસ સામે પોલીસની તપાસ

**સીસીટીવી** ફૂટેજ મેળવવા તજવીજ

**ખેતરોમાં** નુકસાન પહોંચાડનારાં તત્ત્વો ભૂગર્ભમાં ઊતરી ગયાં

બારડોલી: સરભોણ ગામમાં ખેડૂતોની મિલકતને નુકસાન પહોંચાડતાં અસામાજિક તત્ત્વો અને પોલીસની નિષ્ક્રિયતા અંગેના સમાચાર ગુજરાતમિત્રમાં સોમવારના રોજ પ્રસિદ્ધ થતા જ તંત્ર હરકતમાં આવ્યું છે. લાંબા સમયથી ઉદાસીન વલણ અપનાવી રહેલી બારડોલી ગ્રામ્ય પોલીસ હવે એક્શન મોડમાં જોવા મળી રહી છે, જેને પગલે ગામના અસામાજિક તત્ત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

સોમવારે સરભોણના ખેડૂતોના આક્રોશ અને પોલીસની ઢીલી નીતિ અંગેના સમાચાર પ્રસારિત થતા જ પોલીસ બેડામાં દોડધામ મચી ગઈ હતી. ઉચ્ચ કક્ષાએથી મળેલી સૂચના બાદ, બારડોલી ગ્રામ્ય પોલીસની ટીમે તાબડતોબ સરભોણ ગામની મુલાકાત લીધી હતી. પોલીસે આ મામલાને ગંભીરતાથી લઈ ગામના એન્ટ્રી પોઈન્ટ અને આસપાસના વિસ્તારોમાં લાગેલાં સીસીટીવી ફૂટેજ મેળવવાની તજવીજ શરૂ કરી છે. આ સાથે જ રાત્રિના સમયે ખેતરોમાં આંટાફેરા કરતા શંકાસ્પદ ઈસમોની યાદી તૈયાર કરી તેમની પૂછપરછ પણ શરૂ કરવામાં આવી છે. ખેડૂતોની સુરક્ષાને ધ્યાને રાખીને હવેથી સરભોણ વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ સઘન બનાવવાની ખાતરી આપવામાં આવી છે. અત્યાર સુધી પોલીસની ઢીલી નીતિનો લાભ ઉઠાવતાં તત્ત્વો હવે પોલીસની કડકાઈ જોઈને ભૂગર્ભમાં ઊતરી ગયા છે. હાલ તો પોલીસના તપાસના ધમધમાટથી સરભોણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે.

# તાતીથૈયામાં તરુણે અગમ્ય કારણોસર ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

પલસાણા: પલસાણાના તાતીથૈયા ગામની લહેર રેસિડેન્સીમાં રહેતા ૧૬ વર્ષીય તરુણે પોતાના જ ઘરે અગમ્ય કારણોસર ફાંસો ખાઈ જીવન ટૂંકાવતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.મૂળ બિહારના બેહુસાના વતની અને હાલ તાતીથૈયા ગામની લહેર રેસિડેન્સીના રૂમ નં.૧૦૨માં રહેતા સુધીરભાઈ માખન રાયનો પુત્ર પ્રિન્સ (ઉં.વ.૧૬) ગઈકાલે તા.૬/૧/૨૦૨૬ના રોજ બપોરે ઘરે હાજર હતો. એ સમયે અગમ્ય કારણોસર પ્રિન્સે પોતાના ઘરના બેડરૂમમાં ગેસનો બાટલો નીચે મૂકી, તેના પર ચઢી દોરી વડે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટનાની જાણ થતા જ મૃતકના પિતા સુધીરભાઈએ કડોદરા GIDC પોલીસને જાણ કરી હતી. જેના આધારે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. કડોદરા GIDC પોલીસ સ્ટેશનમાં આ બાબતે અકસ્માત મોતનો ગુનો નોંધાયો છે.

# તાતીથૈયાની કંપનીમાંથી રૂ. ૧.૧૧ લાખની ચોરી

પલસાણા: ચોર્યાસી તાલુકાના સણીયા કણદે ખાતે રહેતા સાવનકુમાર ગુલાબભાઇ પટેલ તાતીથૈયા ગામમાં ‘વાસુદેવ ઈન્ડસ્ટ્રીઝ’ નામની કંપની ધરાવે છે. ગત તારીખ ૦૩/૦૧/૨૦૨૬ ના રોજ રાત્રિના ૮ વાગ્યાથી તારીખ ૦૪/૦૧/૨૦૨૬ ના સવારના ૯ વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યા ઈસમોએ તેમની કંપનીને નિશાન બનાવી હતી. તસ્કરોએ કંપનીનું શટર તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને મશીનરી તેમજ વિવિધ પ્રકારના કેબલ વાયરની ચોરી કરી હતી. આ ચોરીમાં તસ્કરો ૯,૦૦૦ રૂપિયાની કિંમતના ૩ ગ્રાઈન્ડર મશીન, ૪૮,૦૦૦ રૂપિયાની કિંમતનો ૮૦ મીટર વેલ્ડિંગ કેબલ વાયર, તેમજ અન્ય અલગ-અલગ માપના કેબલ વાયરો જેની કિંમત આશરે ૧૮,૬૫૦ રૂપિયા થાય છે તે લઈ ગયા હતા.

આ ઉપરાંત ૨૭,૦૦૦ રૂપિયાની કિંમતના એ.એસ. રેડ્યુસર અને બેન્ડ તથા ગલ્લામાં રાખેલા રોકડા ૯,૦૦૦ રૂપિયા મળી કુલ ૧,૧૧,૬૫૦ રૂપિયાની મત્તાની ચોરી થઈ હતી.

કડોદરા GIDC પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# માંડવીમાં ગરેડિયા બ્રિજના પુનઃ નિર્માણ માટે ટ્રાફિક ડાયવર્ઝન

**વાહનચાલકોએ** વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવો પડશે

માંડવી: માંડવી-ખેડપુર-વરજાખણ રોડ પર ગરેડિયા બ્રિજના પુનઃ નિર્માણ કામગીરીને કારણે 10 જાન્યુઆરીથી ટ્રાફિક ડાયવર્ઝન અમલમાં મૂકવામાં આવ્યું છે. વાહનચાલકોએ વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવો પડશે. આ બ્રિજનું કામ લાંબો સમય સુધી રહેશે.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે જાહેર સુરક્ષા જાળવવા અને નવા બ્રિજના બાંધકામને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે. કાર્યપાલક ઈજનેર (માર્ગ અને મકાન વિભાગ)ને ડાયવર્ઝન દર્શાવતા બોર્ડ લગાવવાની જવાબદારી સોંપવામાં આવી છે. માંડવી-ખેડપુર-વરજાખણ રોડ (કિમી 0/0 થી 5/04) પર તમામ પ્રકારના અને માલવાહક વાહનોની અવરજવર પર પ્રતિબંધ રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-131 હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. માંડવી અને આસપાસના વિસ્તારના વાહનચાલકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ આ સમયગાળા દરમિયાન સૂચવેલા વૈકલ્પિક માર્ગોનો જ ઉપયોગ કરે, જેથી ટ્રાફિક જામની સમસ્યા ટાળી શકાય. માર્ગ અને મકાન પેટા વિભાગ, માંડવીના નાયબ કાર્યપાલક ઈજનેર એમ.બી. ચૌધરીના જણાવ્યા મુજબ માંડવી ગરેડિયા બ્રિજની કામગીરી 10 જાન્યુઆરીથી ટ્રાફિક ડાયવર્ઝન માટે અમલમાં લેવાશે. વાહનચાલકોને અગવડતા ન પડે તે માટે બોર્ડ લગાવી રસ્તાનું માર્ગદર્શન આપવામાં વશે.



હિતેશ પટેલ

### વૈકલ્પિક માર્ગો આ મુજબ છે

» કીમ-અરેઠથી ઝંખવાવ-નેત્રંગ જવા માટે: ખેડપુર ત્રણ રસ્તા, તાપી બ્રિજ, તરસાડા બાયપાસ રોડ, તાપી નવા બ્રિજ, ધોબણી નાકા થઈને જવું પડશે.

» ઝંખવાવ-નેત્રંગથી અરેઠ-કીમ જવા માટે: ઝંખવાવ-નેત્રંગ રોડ, ધોબણી નાકા, તાપી નવા બ્રિજ, તરસાડા બાયપાસ રોડ, તાપી બ્રિજ, ખેડપુર ત્રણ રસ્તા થઈને જવું.

» બારડોલી-કડોદથી ઝંખવાવ-નેત્રંગ જવા માટે: બારડોલી-કડોદ રોડ, તરસાડા બાયપાસ રોડ, તાપી નવા બ્રિજ, ધોબણી નાકા થઈને જવું.

» વ્યારા-મઢી તરફથી કીમ-અરેઠ જવા માટે: તરસાડા બાયપાસ રોડ, તાપી નવા બ્રિજ, ખેડપુર ત્રણ રસ્તા થઈને જવું. નાકા થઈને જવું.

» વ્યારા-મઢી તરફથી કીમ-અરેઠ જવા માટે: તરસાડા બાયપાસ રોડ, તાપી નવા બ્રિજ, ખેડપુર ત્રણ રસ્તા થઈને જવું.

# ખોલવડમાં 13 વર્ષીય કિશોરે અનાજમાં નાંખવાની દવા પી આપઘાત કર્યો

કામરેજ: ખોલવડ પાસે સ્ટાર મનોરથ સોસાયટીમાં રહેતા 13 વર્ષના કિશોરે અનાજમાં નાંખવાનો પાઉડર પી આપઘાત કરી લીધો હતો. મૂળ અમરેલી જિલ્લાના અમૃતવેલ ગામના વતની અને હાલ કામરેજના ખોલવડ ગામ નજીક આવેલી સ્ટાર મનોરથ સોસાયટી સી-2 302માં રહેતા અને રત્નકલાકાર તરીકે કામ કરતાં જીતેન્દ્ર કાળુભાઈ ડુમ્મરનો એકનો એક પુત્ર પિન્સ (ઉં.વ.13)એ સોમવારની સાંજે પોતાના ઘરમાં અનાજમાં નાંખવાનો પાઉડર પી ગયો હતો. પુત્રને સારવાર માટે સુરતની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાં સારવાર દરમિયાન બુધવારની વહેલી સવારે તેનું મોત નીપજ્યું હતું. જે અંગે કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રિન્સ પરિવારનો એકનો એક પુત્ર અને એક બહેનનો લાડકવાયો ભાઈ હતો.

# દેલાડ ગામે શ્રમિક મૃત હાલતમાં મળ્યો

સાયણ: મૂળ ઓરિસ્સાના ગંજામનો શ્રમિક કાન્હુચરણ પ્રફુલ ગૌડા (ઉં.વ.૩૨) હાલ દેલાડમાં ગોલ્ડન ઈન્ડસ્ટ્રિઝની હરમન ટેક્સટાઈલ્સ કંપનીના રૂમમાં રહી ત્યાં કામ કરતો હતો. જે છેલ્લા એકાદ વર્ષથી ટી.બી.ની બીમારીથી પીડાતો હોવાથી તેની દવા ચાલુ હતી. જે અગમ્ય કારણસર ગત મંગળવારે રૂમમાંથી મૃત મળી આવ્યો હતો.


Milano MULTIPLEX

બારડોલી

Ikkis
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm

Bicharo Bachelor-Gujarati
06:30pm

Avatar: Fire And Ash
10:30am, 09:30pm

Dhurandhar
12:00pm, 02:30pm, 05:00pm, 09:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333



**વાંકલ ગ્રામ પંચાયત**

તા.માંગરોળ જી.સુરત, 394430

Email-vankalgrampanchayat@gmail.com

**વાંકલ ગ્રામ પંચાયતના બાકી વેરા ભરવા અંગેની જાહેર નોટીશ**

આથી ગ્રામ પંચાયત વાંકલ ની હદ વિસ્તારમાં સમાવિષ્ટ મકાનો, ફ્લેટ, દુકાનો અને ઔધોગિક એકમો વગેરે તમામ પ્રકારની મિલકતોના માલિક/મિલકત ધારકોને જાહેર જાણ કરી જણાવવામાં આવે છે કે, મિલકતના બાકી રહેલ પંચાયતના વેરા (સરકારી કરવેરા) દિન-૧૫ (પંદર) માં ગ્રામ પંચાયત વાંકલ ખાતે ભરી જવા જણાવવામાં આવે છે.જો તેમ કરવામાં નિષ્ફળ જશો તો બાકીવેરાની મિલકતો પર બોજો લાદવા, મિલકત ટાંચમાં લેવામાં આવશે. ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૨૧૫(૧)(૨)(3) અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે.

| સરપંચશ્રી | તલાટી કમ મંત્રીશ્રી |
|---|---|
| ગ્રામ પંચાયત વાંકલ | ગ્રામ પંચાયત વાંકલ |
| તા.માંગરોળ.જી.સુરત | તા.માંગરોળ.જી.સુરત |



**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૪૫૬/૨૦૨૫

તા.૨૨/૧૨/૨૦૨૫

વાદી :- ભાવસિંગભાઈ ભીલાભાઈ ચૌધરી, રહે.મોટીચેર, ગોંડાલસા ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૬૫૧.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી મોટીચેર ગ્રામ પંચાયત, તા.માંડવી, જી.સુરત-૩૯૪૬૫૧

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ભાવસિંગભાઈ ભીલાભાઈ ચૌધરી, રહે.મોટીચેર, ગોંડાલસા ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૬૫૧એ તેઓના માતા વનીબેન ભીલાભાઈ ચૌધરીનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: વનીબેન ભીલાભાઈ ચૌધરી ૨. મરણ તારીખ: ૨૨/૧૨/૨૦૨૦ ૩. મરણનું સ્થળ: મોજે.મોટીચેર, તા.માંડવી, જી.સુરત સબબ, ઉપરોક્ત વિગતે વનીબેન ભીલાભાઈ ચૌધરીના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૨/૦૧/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિકકો

હુકમથી (કૌશિક જાદવ)

સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત



**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૪૭૩/૨૦૨૫

તા.૨૨/૧૨/૨૦૨૫

વાદી :- જુબેદા ઈસ્માઈલ પટેલની પુત્રી તે યુસુફ પટેલની પત્ની, રહે.આંકડોદ, ૭-નિશાળ ફળિયું. તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૧૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી લુવારા ગ્રામ પંચાયત, તા.માંગરોળ, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી જુબેદા ઈસ્માઈલ પટેલની પુત્રી તે યુસુફ પટેલની પત્ની, રહે.આંકડોદ, ૭-નિશાળ ફળિયું, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૧૦એ તેઓના પોતે જુબેદા ઈસ્માઈલ પટેલનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: જુબેદા ઈસ્માઈલ પટેલ ૨. જન્મ તારીખ: 02/06/1962 ૩. જન્મનું સ્થળ: મોજે.લુવારા, તા.માંગરોળ, જી.સુરત સબબ, ઉપરોક્ત વિગતે જુબેદા ઈસ્માઈલ પટેલના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૨/૦૧/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિકકો

હુકમથી (કૌશિક જાદવ)

સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત



**ઓલપાડ તાલુકા તળપદા કોળી પટેલ સમાજ ટ્રસ્ટ**

રજીસ્ટ્રેશન નંબર :-A /૨૭૪૯/સુરત તાઃ-૦૧/૦૨/૨૦૦૨

ઓફિસ :-શૈક્ષણિક ભવન હાથીસા રોડ ઓલપાડ, જી:-સુરત

**-: નોટીસ :-**

ટ્રસ્ટના તમામ સભ્યોને જણાવવાનું કે ટ્રસ્ટની સને-જાન્યુઆરી ૨૦૨૬ થી ડિસેમ્બર ૨૦૨૮ ના વર્ષ માટે કારોબારી સમિતિની ચૂંટણી અંગે મતદાર યાદી તાઃ-૦૮/૦૧/૨૬ થી તાઃ-૧૦/૦૧/૨૬ ના રોજ ટ્રસ્ટની ઓફિસ પર સવારે ૧૧.00 થી 3.00 કલાક સુધી જોઈ શકાશે. આ અંગે કોઈ વાંધા હોયતો લેખિત પુરાવા સાથે રજુ કરવાના રહેશે ત્યારબાદ કોઈ પણ રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહિ. વાંધા અરજી સ્વીકારવાની છેલ્લી તાઃ-૧૦/૦૧/૨૦૨૬ સમયઃ- 3.00 કલાક વાંધા અરજીનો નિકાલ તાઃ-૧૩/૦૧/૨૦૨૬ સમયઃ-૧૨.00 થી ૨.00

શાંતિલાલ પટેલ - પ્રમુખશ્રી/ટ્રસ્ટી



**-: જાહેર હરાજી :-**

આથી રસ ધરાવતા ઇસમોને જણાવવાનું કે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સુરત સંચાલિત ઉચ્ચતર પ્રાથમિક શાળા ઘોડબાર તા. માંગરોળ જિ. સુરતનાં જર્જરિત ઓરડા માટેની જાહેર હરાજી તા. ૧૬/૧/’૨૬ને શુક્રવારનાં રોજ સવારે ૧૧.૦૦ કલાકે ઘોડબાર પ્રા. શા. તા. માંગરોળ જિ. સુરતનાં પટાંગણમાં રાખવામાં આવેલ છે. હરાજીમાં ભાગ લેનાર ઇસમોએ ડિપોઝીટ પેટે 21000/- રૂપિયાનો S.M.C. કમિટિ ઘોડબારનાં નામનો રાષ્ટ્રીયકૃત બેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ અને આઇ.ડી. પ્રુફની નકલ હરાજી પહેલા જમા કરાવવાની રહેશે.

હરાજી ફી 500/- રૂપિયા (નોન રીફંડેબલ) રહેશે, હરાજીની શરતો સ્થળ ઉપર વાંચી સંભાળાવવામાં આવશે, હરાજી અંગે તમામ સત્તા સ્કુલ મેનેજમેન્ટ કમિટિ ઘોડબાર તથા મા.મ. ગ્રામ પંચાયત ઘોડબારને આધિન રહેશે.

સ્થળ: ઉચ્ચતર પ્રા. શા. ઘોડબાર, તા. ૧૬/૧/૨૬, સમય: ૧૧.૦૦ કલાકે.

લિ. શાળા વ્યવસ્થાપન સમિતિ ઘોડબાર,

મા.મ. ગ્રામ પંચાયત ઘોડબાર તા. માંગરોળ, જિ. સુરત